# સાબરકાંઠા - અરવલ્લી



## સંગઠન પ્રમુખે ભાજપના નામે ચરી ખાનારાઓની દૂકાનો બંધ કરાવી

હિંમતનગર : અરવલ્લી ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલે ભાજપના નામે ચરી ખાનારાઓની દુકાન બંધ કરી દેતાં તેમના પેટમાં તેલ રેડાયું હતું અને ગાંધીનગર સુધી સંગઠન પ્રમુખની વિરોધમાં રજૂઆતો શરૂ કરી હતી. મળેલી વિગતો અનુસાર કેટલાક કોંગ્રેસી કલ્ચર તેમજ અન્ય ભાજપના કાર્યકરોએ વિધાનસભાની પેટાચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારને અંદરખાને મદદ કરી હતી તે વિગતો ધ્યાનમાં આવ્યા પછી નવા સંગઠનમાં અનેકનાં પત્તાં કપાયાં હતાં જિલ્લામાં કોઈ વિકાસનું કામ હોય તો ત્યાં પોતાની જ ગ્રીટ, કપચી, રેતી નાખવાનો બની બેઠેલા કેટલાક ભાજપના કાર્યકરો આગ્રહ રાખતા હતા પરંતુ સંગઠન પ્રમુખે ભાજપનું નામ આગળ ધરી પક્ષનું નામ બદનામ થાય તેવી કામગીરી કરનારાને હોંશિયામાં ધકેલ્યા જેથી તમામ પદ અને પ્રતિષ્ઠા ગુમાવતાં માછલીની જેમ તરફડતા આવા અસંતુષ્ટોએ ગાંધીનગરમાં વિરોધનો દાવાનળ પ્રગટાવવાની કોશિષ કરી પરંતુ તે નિષ્ફળ રહી છે.

### બદનામ કરવાના કાવતરાનું એ.પી. સેન્ટર ફાર્મહાઉસ..!!

## અરવલ્લી ભાજપ સંગઠન પ્રમુખને ઉખાડી ફેંકવાનું વિરોધીઓનું સ્વપ્ન ચકનાચૂર, અસંતુષ્ટો સામે ભરપૂર રોષ

### જેમની સામે ગંભીર આરોપ છે તેવા ફટીચરોએ સંગઠન પ્રમુખ સામે વિદ્રોહની કમાન સંભાળી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

સમગ્ર ઉત્તર ગુજરાતમાં સૌથી સારી કામગીરી, શક્તિશાળી સંગઠન પ્રમુખ તરીકે ઉભરેલા અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. પટેલને ઉખાડી ફેંકવાનું વિરોધીઓનું સ્વપ્ન ચકનાચૂર થયું છે. બહાર આવેલી વિગતો અનુસાર સંગઠન પ્રમુખને બદનામ કરવાનું કાવતરૂ એક ફાર્મહાઉસમાં ઘડાયું હતું જેમાં પૂર્વ ધારાસભ્ય, જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય, નવા સંગઠનમાં સ્થાન મળ્યું નથી તેવા બે અસંતુષ્ટો સાથે ગાંધીનગર કેવી રીતે રજૂઆત કરવા માટે જવું, કેટલા વાહનોમાં જવું તે માટે ૫ તાલુકાના ૭ કાર્યકરોની મદદ લેવામાં આવી સંગઠન પ્રમુખ સામે ફરિયાદ કરવા પહોંચેલા અને પોતાને ભાજપના નખશીખ આગેવાન કાર્યકર સમજતા મહાશયોએ એ પણ સમજવાની જરૂર છે કે તેમની સામે અગાઉ કેટલા ગંભીર આરોપ લાગ્યા છે. એક રીતે ફૂટેલી કારતૂસ સમા ફટીચરોએ સંગઠન પ્રમુખ સામે વિદ્રોહની કમાન સંભાળી હતી. દરેક અદના કાર્યકરને તેની મહેનત પ્રમાણે સ્થાન આપવાનો પ્રયાસ કરનાર જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ સામે પ્રદેશમાં જઈ કાદવ ઉછાળનારાઓ સામે ભિલોડા થી બાયડ સુધીના વિસ્તારમાં પ્રચંડ રોષ જોવા મળ્યો છે. ધડમાથા વગરની ફરિયાદો કરનારાઓ સામે પક્ષની શિર્ષસ્થ નેતાગીરીએ પગલાં ભરવાં જોઈએ તેવી કાર્યકરોએ માંગ કરી છે.

અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ બનવાના શેખચલ્લીના સ્વપનાં જોનારાઓને પ્રદેશ નેતાગીરીએ તેમનું સ્થાન બતાવી દીધું છે. જેથી રઘવાયા બનેલા આવા અસંતુષ્ટોએ ભેગા થઈ માત્ર ૧૦ મહિનામાં અરવલ્લી જિલ્લા ભાજપના કાર્યકરોના હૃદય સમ્રાટ બનેલા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલને બદનામ કરવા માટેનો તુક્કો શરૂ કર્યો બાયડ, ધનસુરા, તલોદ, ભિલોડાની હંમેશાં દરેકનું અહિત ઈચ્છતી ટોળકીએ તેમનો માસ્ટર પ્લાન બનાવ્યો. કાર્યકરોને ઉપાડીને ગાંધીનગર લાવવા માટે કોને શું વ્યવસ્થા કરવી તે સમજાવી દેવામાં આવ્યું અને ત્યાં જઈને માત્ર સંગઠન પ્રમુખ અને ભરતસિંહ રહેવરને કેવી રીતે બદનામ કરવા તે જ એકમાત્ર ઉદ્દેશ્ય હોવાનું પ્રદેશ નેતાગીરીએ જાણ્યા પછી ફરિયાદમાં કેટલું તથ્ય છે તે પણ સમજાયું છે જે રીતે સૌથી સફળ સંગઠન પ્રમુખ સામે વિરોધ માટે પ્લાન તૈયાર કરાયો તેની પાછળ કહેવાતા એક કોંગ્રેસીની સ્ક્રિપ્ટ હોવાનું પણ ધીરે ધીરે બહાર આવ્યું છે. વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં પણ કોંગ્રેસનાં સૂપડાં સાફ થઈ જાય તે રીતે જિલ્લા ભાજપ સંગઠને કામગીરી હાથ ધરી છે જેથી ફાર્મ હાઉસમાં પડ્યા પાથર્યા રહેતા આ કોંગ્રેસીને પોતાની પાસે કોઈ હજૂરીયા નહીં આવે તેની અંદેશા આવી જતાં કેટલાક ભાજપના અસંતુષ્ટોને પોતે વિધાનસભાની ટીકીટ અપાવશે તેવું ધોળા દિવસે સ્વપ્નું દેખાડી રાજેન્દ્ર પટેલ સામે મોરચો માંડવા માટે પ્રાણ ફૂંક્યાની વિગતો પણ પ્રકાશમાં આવી રહી છે.

## જિલ્લા સંગઠન અસંતુષ્ટોના કૌભાંડનું ડોઝીયર પ્રદેશમાં આપશે

હિંમતનગર : અરવલ્લી ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. પટેલે ચૂંટાયેલા પદાધિકારીઓની મોડાસામાં યોજાયેલી બેઠકમાં જાહેર મંચ ઉપરથી જણાવ્યું હતું કે તમે કોઈપણ કોન્ટ્રાક્ટરને કોરા લેટરપેડ આપશો નહીં, જેના કારણે માત્ર ભાજપ સાથે કામની જ લાલસાથી આવેલા અનેકનાં મોંઢાં પડી ગયાં હતાં ત્યારબાદ કોન્ટ્રાક્ટ મળતા પણ બંધ થઈ જતાં સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ અનેકને ખટકવા લાગ્યા હતા જેનો અસંતુષ્ટોએ ફાયદો ઉઠાવવાના પ્રયાસ સાથે મોરચો માંડ્યો પરંતુ તેઓ ભરાઈ પડ્યા છે. જિલ્લા સંગઠન અસંતુષ્ટોના કૌભાંડનું ડોઝીયર તૈયાર કરી પ્રદેશમાં સોંપશે જેમાં કેટલાક સામે ગેરકાયદે પૈસા ઉઘરાવવા, સિંચાઈના કામોમાં મલાઈ તારવી લેવી, જમીન એન.એ. કરાવવાના કેસમાં પાછલે બારણે ખિસ્સાં ભરવા જેવા કૌભાંડો કેટલાક અસંતુષ્ટોએ આચર્યા હતા અને તેના પુરાવા સાથેની વિગતો પ્રદેશમાં પક્ષના સંનિષ્ઠ કાર્યકરો પહોંચાડશે તેવું જાણવા મળ્યું છે.

## ઉત્તર ગુજરાતમાં માર્કેટયાર્ડ બહારના ખેતપેદાશના સોદામાં ખેડૂતોને જોખમ

### ગ્રામ્ય વિસ્તારમાં થતા ખરીદ-વેચાણના સોદામાં છેતરપીંડીની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

ઉત્તર ગુજરાતમાં કેન્દ્ર સરકાર દ્વારા પસાર કરવામાં આવેલા નવા કૃષિ કાયદાના કારણે માર્કેટયાર્ડોને લાંબા ગાળે માઠી અસર થવાની સંભાવના છે. કેટલાક વિસ્તારોમાં તો બજાર સમિતિની આવકમાં અત્યારથી ઘટાડો દેખાયો છે. જ્યારે હવે માર્કેટયાર્ડોની બહાર ખેતપેદાશોના ખરીદ-વેચાણના સોદાથી ખેડૂતોના માથે જોખમ ઉભું થયું છે. ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોના ખેતરે થતા વેપારમાં છેતરપીંડીની સંભાવના વધી છે. મહિનાની મુદતની લાલચ આપી ખેડૂતોને દલાલો અને લેભાગુ વેપારીઓ શીશામાં ઉતારવા માટે સક્રીય થયા છે.

જાણવા મળ્યા મુજબ હાલમાં નવા કૃષિ કાયદાના કારણે માર્કેટયાર્ડોમાં વેપાર-ધંધાને અસર થઈ છે પરંતુ કોઈપણ કારણોસર માર્કેટયાર્ડના જવાબદારો અને વેપારીઓ જાહેરમાં આ બાબત સ્વીકારવાથી અંતર રાખી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં નવા કૃષિ કાયદા પછી કેટલાક વેપારીઓ ખેડૂતોના સીધા સંપર્કમાં આવી ગામડાઓમાંથી ખેતપેદાશનો ભાવ નક્કી કરી પાક ઉપજ ખરીદવા લાગ્યા છે. જો કે ગ્રામ્ય વિસ્તારમાં થતા પાક ઉપજના વેપારમાં છેતરપીંડીની શક્યતા વધી છે. ખેડૂતો પાસેથી પાક ઉપજ ખરીદ્યા પછી નાણાંની ચૂકવણીમાં વેપારીઓ અને દલાલો ઠાગાઠૈયા કરતા હોવાની અનેક ફરિયાદો સાંભળવા મળી રહી છે. ખેડૂતો બજાર ભાવ કરતાં ઉંચા ભાવે વેચાણની લાલચમાં આવી છેતરપીંડીનો ભોગ બનતા હોવાની પણ વિગતો છાનેછપને સાંભળવા મળી છે. વેપારના સોદામાં પાક ઉત્પાદનના વજનમાં ફેરફાર સહિત ખેડૂતોને નુકસાન સહન કરવાનો વારો આવતો હોય છે. પાક ઉપજની રકમ પખવાડીયાથી મહિનાની મુદત સુધી આપી દેવાનું કહી વેપારીઓ અને ચોક્કસ દલાલો પાછળ પાછળ ફેરવી રહ્યા છે. વર્તમાન સ્થિતિમાં ખેડૂતો ખેતપેદાશના વેચાણ માટે માર્કેટયાર્ડોમાં જણસ લઈ આવે તો ખેતરથી પાક ઉપાડવાની મજૂરી અને વાહન ભાડા સહિતનો ખર્ચ ગુણી દીઠ વધી જતો હોય છે તેમાંય વાહન ભાડુ ગણવામાં આવે તો ગુણી દીઠ રૂા.૪૦ થી ૫૦ નો ફર્ક પડતો હોય છે જેથી ગામડાઓમાં સીધા સોદા થવાથી ખેડૂતોનો બાકીનો ખર્ચ બચતું હોવાના કારણે અનેક ખેડૂતો સીધી જ વેપારીઓને પાક ઉપજ વેચી દેતા હોય છે. સરકારના નવા કાયદામાં ખેડૂતનું હીત જળવાય અને ખેડૂતો છેતરપીંડીનો ભોગ ન બને તે માટે ખેડૂતોને હીતમાં વાત કરનારાઓએ આ મુદ્દે વિચારવું રહ્યું. ધંધાકીય હરીફાઈમાં વેપારીઓ અને દલાલો બજાર ભાવ કરતાં ઉંચા ભાવ આપતા હોય છે અને અમુક વેપારીઓ મુદતના સોદા કરી ખેડૂતોને લાલચમાં ફસાવી ખેતપેદાશો ખરીદ્યા પછી નાણાં ચૂકવવામાં ગલ્લાં તલ્લાં કરતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

### પોલીસની આબરૂના ધજાગરા

## બાયડના પરીક્ષા કેન્દ્રમાં ચૂસ્ત બંદોબસ્ત પછી ૩ રીપીટર છાત્રોના મોબાઈલ ચોરાયા, રોકડ રકમ પણ ગુમ

### અરવલ્લી પોલીસ વડા નિષ્ક્રિય સ્ટાફ સામે પગલાં ભરે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

બાયડ હાઈસ્કુલના પરીક્ષા કેન્દ્રમાં ધો.૧૦-૧૨ના રીપીટર છાત્રોની બોર્ડ પરીક્ષા ચાલી રહી છે. સોમવારે બોર્ડ પરીક્ષા આપવા આવેલા છાત્રોએ પ્રવેશદ્વાર પાસે બેગ મૂકી હતી તેમાંથી ૩ છાત્રોના મોબાઈલ અને રોકડ રકમ રૂા.૧૦૦૦ ચોરાઈ જતાં સનસનાટી મચી ગઈ છે. દરેક પરીક્ષા કેન્દ્રો ઉપર જિલ્લા કલેક્ટરના આદેશ અનુસાર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો તો પછી છાત્રોના સામાનની ચોરી કેવી રીતે થઈ..?? જિલ્લા પોલીસ વડાએ બાયડ પોલીસ સ્ટેશનના નિષ્ક્રિય સ્ટાફ સામે દાખલારૂપ પગલાં ભરવાનો સમય પાકી ગયો છે.

બાયડ પોલીસ સ્ટેશનની હદમાં ગુનાઓનું પ્રમાણ વધ્યું છે. મહિના અગાઉ થયેલી લાખોની તસ્કરીના ગુનામાં પોલીસો એકપણ શકમંદને શોધ્યો નથી. જ્યારે બાયડ ટાઉનમાં દારૂની હાટડીઓ ધમધમતાં અનેક પરિવારો બરબાદ થઈ રહ્યા છે. બાયડમાં ટ્રાફીકની સમસ્યા વકરી રહી છે પરંતુ આરામ પ્રિય પોલીસ પોલીસ સ્ટેશનમાં જ વહીવટમાં મશગુલ હોવાના લોક આક્ષેપ શરૂ થયા છે. બોર્ડ પરીક્ષા દરમ્યાન બાયડ પોલીસે કેન્દ્ર આગળ ચૂસ્ત બંદોબસ્તના દાવા કર્યા પરંતુ તા.૧૯ના રોજ વિજ્ઞાન વિષયની રીપીટર છાત્રોની પરીક્ષામાં પરીક્ષા આપવા આવેલા દક્ષાબેન કનુભાઈ નિનામા, પાયલબેન કનુભાઈ નિનામા અને નરેશભાઈ વસુનો પોતાના થેલા નિયમોઅનુસાર પ્રવેશદ્વારા આગળ મૂક્યા હતા અને સ્થાનિક સુરક્ષા કર્મીઓને જાણકારી આપી હતી પરંતુ પરીક્ષા પૂરી થયા પછી બહાર આવ્યા ત્યારે બેગમાંથી ૩ મોબાઈલ અને રોકડ રકમ ગુમ થઈ જતાં ગાંધીનગરથી પરીક્ષા આપવા આવેલા છાત્રો મુશ્કેલીમાં મૂકાયા હતા આ મામલે બાયડ પોલીસને લેખિત ફરિયાદ આપવામાં આવી છે.

## ચેક રીટર્ન કેસ : બાયડ કોર્ટે આરોપીને ૧ વર્ષની કેદની સજા ફટકારી

### રૂા.૨.૧૫ લાખનો ચેક પરત ફર્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી કોર્ટ કાર્યવાહી શરૂ થઈ છે. બાયડના મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચેક રીટર્ન કેસ ચાલી જતાં આરોપીને તકસીરવાર ઠેરવી કોર્ટે ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે અને રૂા.૫૦૦૦નો દંડ તેમજ વળતર પેટે ફરિયાદીને રૂા.૨,૧૫,૦૦૦ ચૂકવવાનો આદેશ કરતાં હલચલ મચી છે. છેલ્લા કેટલાય સમયથી પૈસા ઉછીના લઈ ચેક આપી દઈ પૈસા નહીં આપનારા લોકો માટે કોર્ટનો ચૂકાદો આંખ ઉઘાડનારો બન્યો છે.

બાયડના નિતેષ અશોકભાઈ અરોરાએ તાલુકાના ટોટું ગામના રમણભાઈ ખાતુભાઈ ભરવાડને વર્ષ-૨૦૧૮માં રૂા.૨,૧૫,૦૦૦ આપ્યા હતા અને તેમને ધી સાબરકાંઠા ડીસ્ટ્રીક્ટ બેન્ક-સાઠંબા શાખાનો ચેક આપ્યો હતો. વારંવાર પૈસાની માગણી છતાં પૈસા આપતા ન હતા જેથી નિતેષ અરોરાએ ગત તા.૨૭ ડિસેમ્બર-૨૦૧૮ ના રોજ ચેક બેન્કમાં જમા કરાવ્યો હતો પરંતુ અપૂરતા ભંડોરના કારણે ચેક પરત ફર્યો હતો અને ત્યાર પછી પણ નોટિસ આપવા છતાં ઉછીના આપેલા પૈસા પરત ન આવતાં તેમના વકીલ મારફતે બાયડ કોર્ટમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ-૧૩૮ મુજબ ફરિયાદ કરવામાં આવી હતી. જે કેસ બાયડ કોર્ટના ન્યાયાધિશ કુ.ભારતીબેન જી. રાઠોડ સમક્ષ ચાલી જતાં આરોપી રમણભાઈ ખાતુભાઈ ભરવાડ(રહે.ટોટું)ને તકસીરવાર ઠેરવી ફોજદારી કાર્ય સંહીતાની કલમ-૨૫૫/૨ હેઠળ ૧ વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૫૦૦૦નો દંડ અને ૩૫૭(૩) હેઠળ ફરિયાદીને વળતર પેટે રૂા.૨,૧૫,૦૦૦ ચૂકવવાનો આદેશ કરેલ છે.

## ગાજ્યા મેઘ વરસ્યા નહીં : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના જળાશયો ભર ચોમાસે તરસ્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદ ખેંચાતાં ચિંતાનાં વાદળો છવાયાં છે. ચોમાસાનો મુખ્ય ધોરી માસ ગણાતા અષાઢ મહિનામાં સાર્વત્રિક મેઘમહેર ન થતાં જિલ્લાના જળાશયો ભરચોમાસે તરસ્યાં રહ્યાં છે. ચોમાસાના વિધિવત આરંભ પછી પણ જળાશયોમાં પાણીની સપાટી ઉંચે આવવાને બદલે નીચે જઈ રહી છે જેથી વરસાદ વધુ ખેંચાય તો સિંચાઈ તેમજ પીવાના પાણીની વિકટ સમસ્યા ઉભી થઈ શકે છે. જિલ્લાના ૧૨ જળાશયો પૈકી મોટાભાગના જળાશયોમાં હવે તળીયાં દેખાવવાની તૈયારી છે.

જિલ્લામાં તાઉતે વાવાઝોડા પછી કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. જેમાં ભીમ અગિયારસે થયેલા વરસાદથી ખેડૂતોએ વિધિવત ચોમાસુ શરૂ થયું હોવાનું માની વાવણી કરી દીધી છે પરંતુ હવે વરસાદ ખેંચાતાં ખેડૂતોના જીવ ઉચાટમાં આવ્યા છે. અષાઢી બીજે પણ કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસતાં તેને સારા સૂકન માની ખેડૂતો ઘેલમાં આવી ગયા હતા પરંતુ હવે વરસાદ ખેંચાવવાથી ખેતીનું ચિત્ર ધુંધળું બનવાની સાથે જળાશયોમાં પાણીની સપાટી વધવાને બદલે ઘટી રહી છે. ચોમાસાનો આખો મહિનો વીતી ગયા પછી પણ સાર્વત્રિક મેઘમહેર થઈ નથી જ્યારે ઉપરવાસમાં પણ વરસાદની ઘટ હોવાના કારણે જળાશયો પાણીની ધીંગી આવકથી વંચિત રહ્યાં છે. ફ્લડ કંટ્રોલ સૂત્રોના જણાવ્યા અનુસાર જિલ્લામાં જીવાદોરી ગણાતા જળાશયોમાં અષાઢ મહિનામાં પણ પાણીની કોઈ ધીંગી આવક થઈ નથી. જ્યારે ડેમ સાઈટ વિસ્તારમાં પણ વરસાદ વરસ્યો ન હોવાના કારણે પાણીનું ચિત્ર હાલ ચિંતાજનક બનવા તરફ જઈ રહ્યું છે. જિલ્લામાં વાત્રક, ગુહાઈ, માઝૂમ, હાથમતી, લાંક, જવાનપુરા, હરણાવ, મેશ્વો, વૈડી, ખેડવા, વરાંસી અને ગોરઠીયા સહિતના જળાશયો ભરચોમાસે ખાલીખમ થઈ રહ્યા છે. ટૂંકમાં બંન્ને જિલ્લામાં ગાજ્યા મેઘ વરસ્યા ન હોવાના કારણે જળાશયોમાં પાણીની કોઈ મહત્તમ આવક હજુ સુધી થઈ નથી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખી પાણીનું આગોતરૂ આયોજન કરવામાં નહીં આવે તો ચોમાસાની સીઝનમાં જ સિંચાઈ તેમજ પીવાના પાણીની સમસ્યા ઉદ્‌ભવી શકે છે.

### અનેક જળાશયના તળીયાં દેખાયાં

### જિલ્લામાં જળાશયોની સ્થિતિ..

| જળાશય | પાણીની સપાટી | ટકાવારી |
|---|---|---|
| વાત્રક | ૧૩૦.૦૯ | ૩૧.૧૯ |
| ગુહાઈ | ૧૬૪.૭૮ | ૧૧.૦૮ |
| માઝૂમ | ૧૫૩.૨૫ | ૩૬.૭૨ |
| હાથમતી | ૧૭૭.૦૯ | ૩૧.૮૫ |
| લાંક | ૧૦૩.૯૨ | ૦.૨૮ |
| જવાનપુરા | ૮૬.૪૩ | ૫.૮૩ |
| હરણાવ | ૩૨૩.૬૦ | ૨૯.૯૩ |
| મેશ્વો | ૨૦૯.૧૨ | ૪૩.૧૬ |
| વૈડી | ૧૯૨.૭૨ | ૧૬.૧૯ |
| ખેડવા | ૨૫૧.૦૦ | ૧૨.૪૯ |
| વરાંસી | ૭૬.૦૦ | ૪.૩૯ |
| ગોરઠીયા | ૧૦૪.૯૦ | ૧૭.૭૧ |

## જિલ્લામાં કઠોળના ભાવ વધવા પાછળ સંગ્રહખોરી..!!

### સંગ્રહખોરો ઉપર તવાઈ ક્યારે..?? ચર્ચાતો સવાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ સતત વધી રહ્યા છે. કઠોળના ભાવ વધારા પાછળ સંગ્રહખોરી જવાબદાર હોવાની આશંકા વ્યક્ત થઈ છે. સરકારે મગ સિવાયના કઠોળ પર સંગ્રહ મર્યાદા નક્કી કરી છે જેમાં રીટેલર માટે ૫ મેટ્રીક ટન અને હોલસેલર માટે ૨૦૦ મેટ્રીક ટનનો જથ્થો રાખવાની છૂટ આપી છે પરંતુ કેટલાક વેપારીઓ કઠોળની સંગ્રહખોરી કરી રહ્યા છે. અન્ય જિલ્લામાં સંગ્રહખોરો ઉપર તવાઈ પુરવઠા વિભાગે શરૂ કરી છે પરંતુ જિલ્લામાં કઠોળના ભાવ વધારાને અંકુશમાં લેવા તવાઈ ક્યારે..?? તે સવાલ ચર્ચાનો વિષય બન્યો છે.



મોંઘવારીએ સામાન્ય પરિવારોનું જીવન દુષ્કર બનાવી દીધું છે. ઈંધણના ભાવ સતત વધ્યા પછી દૂધ, છાશ સહિતની ચીજવસ્તુઓ મોંઘી થઈ છે. જિલ્લામાં વધતી જતી મોંઘવારીમાં સંગ્રહખોરોને કમાણીનો તડાકો પડ્યો છે. ખાસ કરીને કઠોળમાં સરકારે મર્યાદિત સ્ટોક રાખવાનું નિયંત્રણ મૂક્યું હોવા છતાં ક્યાંય તેનું પાલન થતું ન હોય તેવી સ્થિતિ છે. છેલ્લા કેટલાક દિવસથી કઠોળના ભાવમાં વધારો થઈ રહ્યો છે જેમાં સંગ્રહખોરી જવાબદાર હોવાનું જાગૃત નાગરિકો બોલી રહ્યા છે. સરકારે સંગ્રહખોરી અટકાવવા તેમજ કઠોળના ભાવ અંકુશમાં આવે તે માટે સ્ટોક મર્યાદા નક્કી કરી છે પરંતુ પુરવઠા વિભાગ દ્વારા તેની તપાસ થાય છે કે કેમ..?? તે કહેવું મુશ્કેલ છે પરંતુ સંગ્રહખોરોને હાલ તો છૂટો દોર મળ્યો હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. જિલ્લામાં રીટેઈલ તેમજ હોલસેલ વેપારીઓ સંગ્રહખોરી કરે તે તો ઠીક છે પરંતુ મીલરો પણ વિભાગની આંખમાં ધૂળ નાખી નક્કી કરેલ સ્ટોક મર્યાદાથી વધુ જથ્થો સંગ્રહ કરતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. અન્ય જિલ્લાઓમાં પુરવઠા વિભાગ દ્વારા દરોડા પાડી સંગ્રહખોરો સામે પગલાં ભરવામાં આવી રહ્યા છે પરંતુ સ્થાનિક વેપારીઓ સામે કઠોળના સંગ્રહખોરીની તપાસ માત્ર કાગળ ઉપર ચાલતી હોય તેવી સ્થિતિ છે.

### તપાસ ચાલુ છે : પુરવઠા વિભાગ

બાયડ : અરવલ્લી જિલ્લા પુરવઠા વિભાગનો કઠોળની સંગ્રહખોરી મુદ્દે સંપર્ક કરતાં આ અંગેની વિભાગ દ્વારા તપાસ ચાલુ હોવાનું જણાવ્યું હતું. તપાસ દરમ્યાન હજુ સુધી કઠોળની સંગ્રહખોરી ક્યાંય ધ્યાને આવી નથી વધુમાં તેવું જણાવ્યું છે જો કે જે રીતે કઠોળના ભાવ નિયંત્રણ બહાર ગયા છે તે જોતાં ભાવ વધારામાં સંગ્રહખોરી કારણભૂત હોવાનું મહત્તમ લોકો બોલી રહ્યા છે.

### શિક્ષક જગત : અરવલ્લીના ડેમાઈ ગામના કચ્છમાં ડંકા ગાજ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

અરવલ્લીના બાયડ તાલુકાના ડેમાઈ ગામના હિતેષ રજનીભાઈ પટેલ કચ્છ જિલ્લાના



મુંદરા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી તરીકે સતત બીજીવાર બિનહરીફ ચૂંટાઈ આવતાં અરવલ્લીના ડેમાઈ ગામના કચ્છ જિલ્લામાં ફરી ડંકા વાગ્યા છે. પ્રા.શિક્ષકોના પ્રશ્નો માટે નિર્ભયી બની લડત લડવી અને શિક્ષણ હીતના નિર્ણયોમાં સમર્થન કરવાની આગવી છાપ ધરાવતા કર્મયોગી પ્રા.શિક્ષક ફરી એકવાર સંગઠનમાં બિનહરીફ ચૂંટાઈ આવતાં કચ્છ સહિત અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષક આલમમાં પણ ખુશાલી જોવા મળી છે.

## ગાંભોઈ ગ્રામ પંચાયતમાં સરપંચના હોદ્દા માટે એસ.ટી. બેઠક ફાળવવા માંગ

હિંમતનગર તાલુકાના ગાંભોઇ ગ્રામપંચાયતમાં છેલ્લા ઘણા વર્ષોથી અનુસૂચિત જાતિની વસ્તી હોવા છતાં પંચાયતની ચૂંટણીમાં સરપંચના હોદ્દા માટે રિઝર્વ અનામતની ફાળવણી ન કરતા ગાંભોઈના યુવા અગ્રણી હસમુખભાઈ સોલંકીએ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીને રજૂઆત કરી જણાવેલ છે કે ગ્રામ પંચાયતમાં સરપંચના હોદ્દાની ફાળવણી સરકારશ્રીના પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના જાહેરનામા મુજબ સરપંચની અનામત બેઠકની ફાળવણી ગુજરાત ગ્રામ પંચાયતના અધિનિયમની જોગવાઈ પ્રમાણે કરવામાં આવતી હોય છે પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી ગાંભોઈ ગ્રામપંચાયત હેઠળ અનુસૂચિત જાતિની વસ્તી હોવા છતાં ચૂંટણી વહીવટીતંત્ર દ્વારા સરપંચના હોદ્દા માટે આજદિન સુધી અનુસુચિત જાતિની બેઠક ફાળવવા અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. ગાંભોઈ ગ્રામ પંચાયતમાં સ્થાનિક અનુસૂચિત જાતિનો સર્વે કરી સરપંચના હોદ્દા માટે અનામત સીટ ફાળવવા અંગે સત્વરે યોગ્ય કરી ન્યાય આપવા માંગ દોહરાવી છે. અધિક ચીટનીશ હિંમતનગરએ ૧૪ જુલાઈએ પ્રત્યુત્તર પાઠવી જણાવેલ છેકે ગાંભોઈ સરપંચની ચૂંટણીમાં અનુસુચિત જાતિની બેઠક નિયમોનુસાર અને ક્રમ મુજબ અનામત અને બિનઅનામત ફાળવણી કરાશે.

## સાબરકાંઠાના ૩ ગામોમાં ૧૦૦ ટકા કોરોના રસીકરણ, અન્ય ગામો જાગૃતતા દાખવે

કોરોનાની ત્રીજી લહેર વધુ ઘાતક સાબિત થઈ શકે છે તેવું વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે. સાબરકાંઠા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા રસીકરણ ઝૂંબેશ સઘન બનાવી છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના ૩ ગામો ૧૦૦ ટકા કોરોના રસીકરણથી આવરી લેવાયાનો આરોગ્ય વિભાગે દાવો કર્યો છે. ત્યારે જિલ્લાના અન્ય ગામોમાં પણ ૧૦૦ ટકા રસીકરણ લક્ષ્યાંક સિદ્ધ થાય તે માટે ગામોની પ્રજાએ જાગ્રતતા દેખાડવી પડશે. સાબરકાંઠા જિલ્લામાં મુખ્ય અધિકારીઓ બદલાયા પછી અન્ય વિભાગોના કામોમાં ઝડપ અને સુધાર નરી આંખે દેખી શકાય છે. આરોગ્ય તંત્રની સારી કામગીરી છતાં ક્યાંક ને ક્યાંક આયોજનના અભાવે રસીકરણ મુદ્દે અનેક વિસ્તારોમાં હોબાળા જોવા મળ્યા. ક્યાંક રાજકારણ પણ જોવા મળ્યું. સાબરકાંઠા જિલ્લામાં કોવિડ રસીકરણ હેઠળ શરૂઆતમાં ૪૫ વર્ષથી ઉપરની વયના અને ત્યારબાદ ૧૮ વર્ષથી ઉપરના તમામ લોકોને કોરોના રસીકરણથી રક્ષિત કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા સ્લોટ આપવામાં આવ્યા હતા જેમાં ખેડબ્રહ્મા અને ઈડર તાલુકાના કુલ-૩ ગામમાં ૧૦૦ ટકા રસીકરણનો લક્ષ્યાંક પૂર્ણ થયો છે. આરોગ્ય વિભાગના સૂત્રોનું માનીએ તો ખેડબ્રહ્મા તાલુકાના પાદરડી, ગલોડીયા અને ઈડર તાલુકાના ઉમેદપુરામાં ગામની ૧૮ વર્ષથી ઉપરની માનવ વસતીને રસીકરણથી આવરી લેવાતાં ૧૦૦ ટકા લક્ષ્યાંક સિદ્ધ થયો છે.